# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ખોટાં વચન આપીને 'એપ્રિલ ફૂલ' બનાવે છે
દંભી સ્મિતે હાથજોડી 'એપ્રિલ ફૂલ' બનાવે છે
'એપ્રિલ ફૂલ' બનાવે છે રોજ પ્રજાને નેતાઓ -
સ્વર્ણિમ સ્વપ્નાં બતાવી 'એપ્રિલ ફૂલ' બનાવે છે

હાઇકુ

સ્વ પ્રચારનું
ફોડીને દારૂખાનું
કર્યો ધૂમાડો..
(નિષ્ફળ વાઇબ્રન્ટ..)

ગેસ ડ્રીલીંગ,
કરોડો ડૂબાડી ને -
કર્યા ધૂમાડો..
(પોકળ પ્રગતિ)

## ચિંતન

**સુખં જીવન્તિ હરિણા વનેષ્વ પર સેવિનઃ । અર્થૈરયત્ન સુલભૈજલદર્ભા અંકુરા દિભિઃ ॥ ૧**
**કામં વનેષુ હરિણા સ્તૃણેન જીવન્તય યત્ન સુલેભન । ધનિષુ ન દૈન્યં વિદધતિ તે કિલ પશવો સુધિયઃ ॥ ૨**

કોઇ પણ પ્રયત્ન વિના તદ્દન સુલભ રીતે વનમાં મળતાં પાણી-દુર્ભ અને ઘાસના અંકુરનો ભોજનના લાભોથી હરણાં નિશ્ચિંત રીતે, નિરાંતે કોઇ પણ અવલંબન વિના સુખેથી રહે જ છે એમને કોઇની સેવા-ચાકરી-નોકરી કરવી પડતી નથી (૧)

ખરેખર, કોઇ પણ પ્રયાસ-પ્રયત્ન કર્યા વિના સુલભ રીતે મળતો ઘાસચારો અને પાણી તથા આરામદાયી નિર્ભય નિવાસથી હરણાં સુખેથી વનમાં રહે છે. તેમને કદાપી કોઇ પાસે દયા કે ઉપકારની યાચના કરવી પડતી નથી. કોઇ આગળ દૈન્ય-હીનતા ધારણ કરવી પડતી નથી. એવા સ્વતંત્ર સ્વભાવના પ્રાણીને માણસ તુચ્છ પશુ સમજે છે અને આપણે આપણી જાતને બુદ્ધિશાળી સમજીએ છીએ..

હકીકત માણસ પેટ-ભરવા અને છત્ર માટે રોટી-કપડા-મકાન માટે એવું પરતંત્ર - ગુલામી અને અપમાન જનક જીવન છે જે પશુ કરતાં પણ બદતર છે. આપણે મજૂર લોકોનો શ્રમ અને પાયમાલી જોઇએ છીએ. એવી અપમાનક જિંદગી જીવવા કરતાં મૃગલાનું જીવન ઉત્તમ છે.

## સુવિચાર

- શૈતાન એ ખરેખર શેતાન નથી.., પણ ભગવાન થવામાં નિષ્ફળ જવાથી મુંઝાયેલો હારેલો માણસ છે - **ઉમાશંકર જોશી**
- રાત વીતીને તદ્દન નવો સૂર્યોદર થાય છે તો અપકીર્તિની કાલિમાને ભૂંસી નાખી કીર્તિના નવા રંગ પણ લાવી ન શકાય - **ઇશ્વર પેટલીકર**
- માણસ માત્રની ઉચ્ચ નિષ્ઠા માણસ માટે હોવી જ જોઇએ - **માનસસૂત્ર**
- મહાન આદર્શો ગોખવા કરતાં બે પાંચ આદર્શો ઘટવા એ જ હરેક યુવાનનું લક્ષ્ય હોવું જોઇએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચો શિક્ષક બાળકને ભૂતકાળનો ખ્યાલ આપી ભવિષ્યના દરવાજા સુધી પહોંચાડે છે.. આજ સુધી દુનિયામાં શું શુ થઇ ગયું તેનો ખ્યાલ આપી આવતીકાલે માનવજાતે શું શું કરવાનું છે તેનું સૂચન કરે છે - **સાને ગુરુજી**
- માત્ર જે કંઇ છે એનો પૂર્ણ સ્વીકાર એ જ એકમાત્ર સુખનો રાજમાર્ગ છે - **દિનકર જોષી**
- શિક્ષક એટલે શિ = શિસ્ત, ક્ષ = ક્ષમાશીલ, ક = કરૂણાવાન. શિક્ષકમાં આ ત્રણ પાયાનાં ગુણો હોવા જરુરી છે - **અખંડ આનંદ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આ જન્મમાં કર્મો નિષ્ફળ જતાં નથી, સત્કર્મો સારા ફળ આપે છે અને દુષ્કર્મો એનાં જેવા જ ફળ આપે. આ જન્મમાં મેળવેલા સંસ્કાર-જ્ઞાન પણ બીજે જન્મે સાથે જ જન્મે છે. જયાંથી અધૂરું મૂક્યું હોય ત્યાંથી જ શરુ કરવાનું હોય છે..

ગ્રીક ફિલસૂફ-ચિંતક શ્રી સોક્રેટીસને એમની ફિલસૂફી માટે ત્યારના રાજાએ મૃત્યુદંડની સજા ફરમાવી હતી. અંતે ઝેરનો પ્યારો આપી તેમને મૃત્યુદંડ થયો. જયારે આ સજાની જાહેરાત થઇ ગઇ હતી ત્યારે સોક્રેટીસ જેલની એક કોટડીમાં બંધ હતા.

... ત્યારે બાજુની કોટડીનો એક કેદી ખૂબ ઊંચા આધ્યાત્મિક ભાવવાળી કવિતા સુંદર રાગમાં ગાતો હતો. સોક્રેટીશે એ પોતાની કોટડીના દરવાજે ઊભી સાંભળી - ગીત પુરું થયું કે તરત સોક્રેટીસે એ ગાયક કેદીને કહ્યું - ભાઇ, તમે ખૂબ જ અર્થસભર કવિતા ખૂબ જ સારા ઢાળમાં ગાઇ છે. તમને અભિનંદન પરંતુ તમે મને એ કવિતાના શબ્દો અને રાગ શીખવશો?

કેદીએ કહ્યું, સોક્રેટીસ તમને ખબર છે ને કે તમને મૃત્યુદંડ થયો છે અને આ કોટડી - વિશ્વમાં ના તમે એક-બે દિવસના મહેમાન છો.

સોક્રેટીસે કહ્યું - હા, મને એની ખબર જ છે પણ જ્ઞાન કદી નિષ્ફળ જતું નથી. અને જીવનની છેલ્લી ક્ષણ સુધી મળે તો જ્ઞાન જરુરી મેળવી લેવું. મને એ શીખવાનો આનંદ અને સંતોષ થશે.

Email - sureshchandrabhatt18@gmail.com

# મહિલાઓંકો મોકા...!! પત્નીને 'પગાર' આપવાનો કાયદો આજથી અસ્તિત્વમાં..!!

## સ્ત્રીઓ સુખેથી ખાતી હશે ગાજરનો હલવો, ને પુરૂષો ચિંતામાં ભૂખે મરશો નહીં
## કામ કઢાવવાનાં નુસ્ખા ઘણાં હોય છે, દરેક મીઠાં સ્મિતને પ્રેમ ગણશો નહીં

પત્નીને 'પગાર' આપવાનો કાયદો આવે છે એવી છૂપી માહિતી ભટ્ટ પરિવારના કાને પડી અને સોનલ - એમની કન્યાએ આ કાયદો અસ્તિત્વમાં આવે ત્યાં સુધી એનું લગ્ન લંબાવવાનો નિર્ણય કર્યો. સોનલનું કહેવું છે કે, બહારની નોકરી કરવાં કરતાં ઘરની નોકરી શું ખોટી? અને આ વાત ભટ્ટ પરિવારે થનારા જમાઇને કીધી, અને જમાઇ ગભરાયાં, હવે જમાઇ શું કરશે?

ઘણાં દિવસો બાદ વિનોટ ભટ્ટ એમના મિત્ર માનવ મહેતાને મળ્યાં. પાછલી મુલાકાતમાં એમણે સોનલનું લગ્ન નક્કી થયાની વાત કરી હતી. પછી શું થયું? એની કોઇ માહિતી મહેતાજીને નહોતી. મહેતાએ પુછઅયું એટલે ભટ્ટજી બોલ્યાં, 'તારીખ પણ નક્કી થઇ ગઇ હતી. પણ સોનલે બ્રેક મારી દીધી. પત્નીને 'પગાર' આપવાનો કાયદો આવે છે ને?

'હાં, મેં પણ સાંભળ્યું છે. પણ મારી માહિતી પ્રમાણે એ નોકરી ન કરનારી ગૃહિણી માટે જ અમલમાં આવનાર છે, અને તમારી સોનલ તો નોકરી કરે છે ને?' મહેતાજી બોલ્યાં.

'પણ એ કહે છે, બહારની નોકરી કરવી એના કરતાં ઘરની જ શું ખોટી?' એવું અમે જમાઇને કહ્યું, ત્યારે એમણે કહ્યું, 'કાયદો હજી તો આવ્યો નથી, પણ ભવિષ્યમાં નહીં જ આવે એની ખાત્રી પણ શું?' એટલે એ પણ હવે લગ્ન કરવાની બાબતે ફેર વિચાર કરી રહ્યાં છે.

'અને, સોનલ?'

'એ કાયદો આવે એની રાહ જુએ છે. એકવાર એ કાયદો આવશે એટલે લગ્ન સંસ્થાને એક નવી દિશા મળશે.' ભટ્ટજી ઉવાચ.

'દિશા' અરે, સંસ્થાની દશા બેસી જશે, દશા. એક તો આમેય ડિવોર્સનું પ્રમાણ વધ્યું છે. કેટલાક કપલો તો પરણ્યા વગર લિવ-ઇનમાં રહે છે. એમાં પાછું આ 'પગાર' આપવાની બાબત.' મહેતાજીએ ચિંતા જતાવી.



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'આમાં સોનલ કાંઇ ખોટું કરતી હોય એવું મને લાગતું નથી. બધી વાતની પહેલેથી જ ચોખવટ સારી' ભટ્ટજીએ દીકરીનો પક્ષ તાણ્યો.



મને તો આ નવો કાયદો ખરેખર ગમ્યો છે. પગાર નક્કી કર્યા વગર પુરુષના ગળામાં વરમાળા પહેરાવી દેવી એટલે એક જુગાર જ કહેવાય. ભટ્ટજી બીજી વાર મળ્યાં ત્યારે મહેતાજીને કહેતાં હતા, 'સ્ત્રીઓને કેટકેટલાં કામ કરવાં પડે છે. એનો પતિઓને અંદાજ હોતો નથી. અને એટલે સોનલે કામની યાદી તૈયાર કરી છે. એટલે એના પતિને એનો પગાર નક્કી કરવાનું સહેલું પડશે. આ ઝેરોક્ષ રાખો. સારું સ્થળ દેખાય તો સોનલની આ યાદી એમને આપજો.' ભટ્ટજીએ કાગળ પકડાવી દીધો.

'અરે, આપણા સમાજમાં કુંડળી અને ફોટો આપવાની પ્રથા છે.'

'ફોટો તો સોનલ ફેસબુક પર જ અપલોડ કરે છે, એટલે એક જ વખતે અનેક છોકરાઓ એને જોઇને નક્કી કરી શકે. 'પગાર' ચૂકવવાની જે તૈયારી બતાવશે એને કુંડળી આપીશું.' ભટ્ટજીએ એમની પ્રોસિજર સમજાવી દીધી!

યાદીમાં કુ. સોનલે રસોઇના મથાળા હેઠળ, કરિયાણા સામાનની યાદી, ઘઉં-ચોખા વિણવાની, ઘંટીએ દળાવવાની, વગેરે વાતો લખી હતી. 'રસોઇ કરનારાં બહેન આ કામ ત્રણ-ચાર હજારમાં કરતી હશે.' મહેતાજીએ અંદાજ વ્યક્ત કર્યો એમાં તો ભટ્ટજી ભટક્યાં...

'તો રસોઇ પણ જ રાખો, એમાં આવી કવૉલિફાઇડ પત્ની ન મળે. એના રેટ અલગ છે. સોનલ અત્યારે જ ૫૫ હજાર પગાર લાવે છે. એનાથી ઓછામાં તો એ તૈયાર થશે જ નહીં.' આંકડો સાંભળતા જ મહેતાજીને ઉધરસ ચઢી!! સોનલની યાદી તો લાંબી હતી...

એમાં પતિના મિત્રોની સરભરા, બાળકોનો ઉછેર, એમનું ભણતર, પેરેન્ટસ મિટિંગ, સાસુ-સસરાંની સેવા એવા અનેક કામોનો સમાવેશ થતો હતો. અહીં સુધી તો બધુ બહાબર હતું પણ મહિનામાં એક રવિવારે પતિ પાસેથી પંખા સાફ કરાવવા, પસ્તી વેચાવડાવવી, રજાના દિવસે એને બાથરુમમાં નહાવા ધકેલવો જેવાં કામો વાંચીને મહેતાજી બોલ્યાં, 'પણ, આ કામ તો બધાંના પતિ કરતાં હોય છે અને એનો પગાર સોનલને કેવી રીતે મળે?'

'જરા વ્યવસ્થિત વાંચો, આ કામ પતિ પાસેથી કરાવી લેવાં, એવું એણે લખ્યું છે! અને એ ખરેખર ખુબ અઘરું હોય છે.'

'પણ, આ બધું સોનલને કેવી રીતે ખબર?'

'એણે એની લગ્ન થયેલી બહેનપણી સાથે ચર્ચા અને સલાહ લઇને જ આ યાદી પાકી બનાવી છે.'

પછી તો મહેતાજીએ પણ બે-ચાર કામો યાદ કરાવી આપ્યાં. પતિને દિવાળીમાં માળીયા સાફ કરાવવા. સિરીઝ લટકાવવી, ઉડેલી લાઇટ રિપેર કરાવી. દફતરની ચેન-બૂટ સંધાવવા... તોય એક કામ સોનલ લખવાનું ભૂલી ગઇ લાગે છે. માત્ર પિયરનાં જ નહીં પણ સાસરીમાં પણ સંબંધ રાખવા અને સાચવવાં. વ્યવહાર કરવાં, લગ્ન - શ્રીમંત - બર્થડેમાં જવું, એવું સ્ત્રી જ કરતી હોય છે, એનું મૂલ્ય કેવી રીતે નક્કી કરશે? કે પછી એ કામ એ કરશે જ નહીં...? મહેતાજીના આંખમાં પાણી આવ્યું.

'તમે કેમ રડો છો?' તમારી પત્ની તમારી પાસે પગાર માંગશે એટલે ગભરાઇ ગયાં કે શું?' ભટ્ટજી હળવા મૂડમાં બોલ્યા.

'અત્યાર સુધી પિયરમાં માતા-મમતા છોડીને સાસરે આવતી નવવધુ આ નવું ઘર આપણું પોતાનું માનીન ગૃહપ્રવેશ કરશે કે પછી મને નક્કી કરેલો પગાર સમયસર મળશે કે કેમ? ઓવરટાઇમ અને બોનસનું શું થશે? હક રજા મળશે કે નહીં? પતિને પગાર નહીં મળે તો મને કેવી રીતે પગાર આપશે? જેવી ચિંતા સાથે ગૃહપ્રવેશ કરશે.'

'મહેતાજી તમે વિચાર બહુ કરો છો. આપણા દેશમાં આજની પેઢી હવે જાગૃત થઇ ગઇ છે. વ્યાપારીકરણ એનો ભાગ બન્યો છે. અને આ વ્યવસ્થામાં લાગણી- સંવેદનાને કોઇ સ્થાન નથી. લાવો પેલી યાદી આ બાજુ, આ તમારું કામ નહીં.'

ભટ્ટજી તો કાગળ ખેંચીને ચાલ્યા ગયાં.... પણ મહેતાજીને હજુ અનેક પ્રશ્નો સતાવતાં હતાં.

ખરેખર જ જો આવો કાયદો આવ્યો તો? પગાર પતિ-પત્ની બંનેને મળીને નક્કી કરશે? કે સરકાર આવો કોઇ ઠરાવ કરશે? આમાં મિનિમમ વેજીસ એવું નક્કી કરાશે? મોંઘવારી ભથ્થું દર મહિને મળશે? પગારના કાયદાનું પાલન થાય એ માટે કોઇ ઇન્સ્પેકટર ઘરેઘરે ફરશે? પતિ પગારપત્રક પર પત્નીની રેવન્યુ સ્પેમ્પ લગાડીને સહી કરાવશે? એ કાગળ - પત્ર સાચવવાની જવાબદારી પતિની રહેશે? કે એ કામ પણ પત્ની કરશે, અને એનોય પગાર માંગશે? કેટલાંક ચાલુ પતિઓ 'પગાર' આપ્યા વગર જ પત્નીની ખોટી સહી કરાવીને ઇન્કમટેક્ષમાં ફાયદો લઇ લેશે?

પત્નીને પગાર મળ્યા બાદ એ વ્યવસ્થિત કામ નહીં કરે તો ફરિયાદ કયાં કરવાની રહેશે? મહેતાજીએ આ બાબતની ચર્ચા એમની પત્ની સાથે કરી. એમનાં પત્ની બોલ્યાં, 'આમ આ કાયદો ભલે સ્ત્રીને એનાં હક્કોનો ફાયદો કરાવતો હોય. પણ પુરુષો એમ મહિલાઓને મોકો આપે એવાં નથી. હજી હમણાં તો માંડ માંડ પુરુષો ઘરમાં થોડું ઘણું કામ કરતા થયા છે અને પત્નીને ઘરકામમાં મદદ કરતાં થયા છે.એમાં જો આ પગાર આપવાનો કાયદો આવશે તો પત્નીઓની તકલીફ જ વધશે.' મહેતાજી ટીવીમાં ફલેશ થતાં ન્યૂઝ જોઇ રહ્યાં હતા. 'આજની પત્નીને 'પગાર' આપવાનો કાયદો અસ્તિત્વમાં' ના સમાચારથી ઘણાંય પુરુષો એપ્રિલ ફૂલ બન્યાં!!

ચૂંટલો :

પત્નીને 'પગાર' ના કાયદાની ચણભણથી કેટલીય નવવધુએ એમનાં લગ્નની તારીખ લંબાવી દીધી છે. ગૃહિણીને પગાર અપાવવાનો કાયદો અસ્તિત્વમાં આવતાં જ સ્ત્રીઓનું વર્ચસ્વ વધશે એવાં વિચારમાત્રથી બિચારા પુરુષો ટેન્શનમાં આવી ગયાં છે.

# હું પુરુષની ધૂર્તતા સમજી ન શકી, જે સ્ત્રીના દેહને ભોગવે છે પણ સામાજિક જવાબદારીથી બચે છે, લઈ જાવ તમારા એવા નપુંસક પુત્રને, જાવ કોઈ બંધન વિના હું તેને આઝાદ કરું છું

પુષ્પની સુવાસ જેવો સમય વિતવા લાગ્યો. અંકિત અને અનામિકા બંને સાથે રહેવા લાગ્યો. કૉલેજ સાથે જતાં ને સાથે આવતાં. તેમને કોઈની પરવા નહોતી. તે પોતાની મરજીથી જિંદગી વિતાવતા હવે સ્વતંત્ર હતા. પણ શું આગને પાણી સાથે રહીને ઠંડા રહી શકે ખરાં. એક દિવસ એ તેનો રંગ જરુરથી બતાવે. બન્યું પણ એવું એક રાતે અનામિકા ઊંઘમાં એકદમ ચીસ પાડી બચાવો... બચાવો. એ મને મારી નાખશે. જૂઓ એ મારી તરફ આવી રહ્યો છે તેની ચીસ સાંભળીને અંકિત તેના પલંગ પાસે આવ્યો. તેણે અનામિકાને હલબલાવી નાંખી, અનામિકા ભાનમાં આવ, શું થયું ? કેમ ચીસ પાડી? કોણ મારી નાંખશે? શું બોલે છે તું?

અનામિકા એ આંખો ખોલી. તે પરેશેવે રેબઝેબ થઈ ગઈ હતી. તે ડરી ગઈ હતી. તેણે અંકિતને પોતાની નજીક જોતાં જ તેને વળગી પડી. તેણે કહ્યું મેં... મેં... સપનું જોયું. તેણે પોતાની આજુબાજુ જોયું અને પછી બોલી. 'અંકિત મને બીક લાગે છે. મેં ખુબ જ ભયાનક સપનું જોયું, અંકિતે કહ્યું ડર નહીં હું તારી પાસે જ છું.'

બીજા દિવસનો સૂરજ એક નવો પેગામ લઈ તેમની જિંદગીમાં આવ્યો. બંને એક થઈ ચૂક્યાં હતા. બંનેની જીભ પર મૌનનો પહેરો લાગી ગયો હતો. પણ અત્યારે સિંદૂરની જરુર નહોતી. તે બંને એકવાર ફરી માં-બાપને મનાવી લેવા માંગતા હતા.

નવાં કલેવર

- નટવર હેડાઉ

જિંદગીના એક નવા અનુભવે બંનેને અભિભૂત કરી દીધા હતા. કેટલાક દિવસ એમ જ તે ઝડપે પસાર થઈ ગયા. અંકિતે તેની માંને કહ્યું તો તેણે આ સંબંધ અંગે ચોખ્ખો નન્નો ભણી દીધો. અનામિકા એ તેના પપ્પાને મનાવી લીધા પણ તેમને કહ્યું કે તું પહેલાં આપણા ઘેર આવ પછી અંકિત સાથે તારાં લગ્ન કરાવી દઈશું. અનામિકાની તબિયત થોડા દિવસ પહેલાં બગડી. તેણે ડૉકટરને બતાવ્યું. ડૉકટરે તેને એક નવી ખુશખબર સંભળાવી. તેણે જયાં અંકિતને એ વાત કરી તે તેના બાળકની માં બનવાની છે. એ વાત સાંભળતા અંકિત રાતો-પીળો થઈ ગયો. તેનો પીત્તો ગયો. 'એવું કઈ રીતે થાય, તું કુંવારી માં.'

અનામિકા એ ખુબ પ્રેમપૂર્વક કહ્યું અંકિત એ રાતે આપણે એક થઈ ગયેલાં. તે પછી આપણે હંમેશ એ રીતે જ રહ્યાં. ના તું મારાથી અલગ રહી શકતો કે ન હું, અંકિત ડિયર આ બાળક આપણું છે. આપણા પ્રેમની નિશાની, આપણી જિંદગી. એ વાત નો તું ઈન્કાર કઈ રીતે કરી શકે. અંકિત આ આપણા બંનેનો અંશ છે. જિંદગીનું કિંમતી બુંદ. જે ભાવિમાં તારો વંશ આગળ વધારશે. અંકિત જરા વિચાર, આમાં નથી તો તારી ભૂલ કે નથી મારી. આપણા ગરમ શ્વાસોમાંથી નીપજેલી આ મોતી છે. શું તું તેને એમ જ બરબાદ કરી દઈશ? ના એવું ન થાય. અનામિકાએ અંકિતના ખભે માથું મુકી પ્રેમથી કહ્યું. અંકિત આપણે કોઈ ગુનો નથી કર્યો. આપણે સમાજથી ડરતાં નથી. આ બે દિલોનો સંગમ છે. જેને દુનિયાની કોઈ તાકાત અલગ નહીં કરી શકે. દુનિયા તો શું ભગવાન પણ માંની મરજી વગર તેની કુંખ ઉજાડી ન શકે. અંકિતે અનામિકાને એ રીતે ધક્કો માર્યો જાણે કે તે તેનો પ્રેમ નહીં તેને વળગેલી ખતરનાક બલા હોય. અંકિત જો તું માતા-પિતાને એ વાત કહી શકતો ન હોય તો હું કહીશ.

અનામિકા જેવી ઊભી થઈ ઓરડાની બહાર જવા ગઈ ત્યાં અંકિતે કચકચાવીને તેનો હાથ પકડ્યો અને પોતાની તરફ ખેંચતા તેનો ચહેરો પકડી ઊંચો કર્યો. અને ગુસ્સાથી તેની તરફ જોતાં જંગલીયાત ભરી રીતે અનામિકાને કહ્યું, 'તું કંઈ ભગવાન છે કે બધું તારા જ હાથમાં હોય. ખબરદાર જો કયારેક મારા ઘર તરફ આવી છે તો, અનામિકા પુરુષનું આ રુપ જોઈ સ્તબ્ધ થઈ ગઈ. અંકિતે કહ્યું કે તું બાળકને પડાવી નાંખ, તો આપણે બંને ટેન્શન ફ્રી થઈ જઈશું. અને પ્રેમની દુનિયામાં મસ્ત રહીશું.'

અનામિકાને જાણે કે કરન્ટ લાગ્યો હોય તેમ એક ઝટકે તેણે અંકિતથી પોતાના હાથ છોડાવ્યો. તેણે કોઈ વિફરેલી વાઘણની જેમ ઝાડ નાંખી. તું તો મરદ છે કે કસાઈ તારા જ અંશનો નાશ કરવા તૈયાર થયો છે. એક માં ને તેની કુંખ ઉજાડતા કહી રહ્યો છે. તું કાયર છે કાયર, પ્રેમની દુનિયા વસાવવાની વાત અસંભવ છે. તું ભૂલે છે કે હું મારા માતા-પિતા અને સમાજનાં બંધનો તોડી તારી પાસે આવી શકું છું તો મારા આવનારા સંતાન માટે ગમે તેવી આફત સામે પણ ટકરાઈ શકું છું. તેમાં ભલે મારું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જાય.

તું ભણેલ ગણેલ ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિ છો. તારી પાસે આવી અપેક્ષા નહોતી. તું તારી જાતને ન્યાય નથી આપી શકતો. તારા વિચારો, આટલા નિમ્ન કક્ષાના હોય તો તે એક સ્ત્રી અને તેના પેટમાં રહેલાં તારા જ ગર્ભને તું શું ન્યાય કરવાનો? તે શારીરિક સુખ ભોગવ્યું પણ સ્ત્રી સુખ શું છે તે જોયું નથી. જો તું એ સમજી શક્યો હોત તો આજ તું મને આવી નીચ વાત કરી પોતાના માન-સન્માન ને ઠેસ પહોંચાડત નહીં. અનામિકાની અંદર બેઠેલી એક પવિત્ર નારી જાગી ચૂકી હતી. જેના રોમરોમમાં મમતાની મહેંક ફૂટી રહી હતી. તેના અંગ અંગમાં માંનું રુપ ઝલકતું હતું. માં બનીને જ સ્ત્રીત્વ પ્રાપ્ત થાય છે. એ વાત તેને સમજાતી હતી. અંદર જાગેલું એક તોફાન શાંત થવાનું નામ લેતું ન હતું.

એક તરફ અંકિત હતો. તો બીજી તરફ અનામિકાના માતા-પિતા ઊભાં દીકરીને અવાક જોતા હતા. તો સામે વળી અંકિતના માતાપિતા ને તેને લેવા આવ્યાં હતા. અને પોતાની પસંદગી મુજબ તેનાં લગ્ન કરાવવા માંગતા હતા. પોતાના દીકરાની ભુલ અંગે શરમના માર્યા મમતાના મમત્વને જોઈ નજર ઝુકાવી ઊભાં હતા. ત્રિકોણાકાર પ્રેમથી ભરેલા ખૂણા માંની શક્તિને હરાવી ન શક્યા. અનામિકાએ પોતાની આંખમાં આંસુને રોકી રાખ્યાં હતાં. તે કોઈ પણ રીતે પોતાની નબળાઈ દર્શાવવા માંગતી ન હતી.

તે વખતે જ તેનાં માતાપિતા આગળ વધ્યાં.. ત્યાં અનામિકા એ હાથ ઉંચો કર્યો. લગભગ ૯૦ ડિગ્રીનો ખૂણો બની ગયો. થોભ્મો ત્યાં જ ઊભા રહો. કોઈને મારા પ્રત્યે હમદર્દી બતાવવાની જરુર નથી. હું વિકલાંગ નથી. હું એક સ્ત્રી છું. એક માં છું. ગમે તેવી પરિસ્થિતિ સામે લડી લેવાની મારામાં શક્તિ છે. મારા ઉપર દયા લાવી સહાનુભૂતિ બતાવવાની જરુર નથી. આ તરફ અંકિતના માતાપિતા પણ અનામિકાને સમજાવતાં હતાં. ના, દીકરી એવું નથી.'

અનામિકા તેમના મુખે દીકરી શબ્દ સાંભળીને હસે છે. અને કહે છે. 'ઓહ, હવે દીકરી યાદ આવી. તમારા આ નપુંસક દીકરાને લઈ જાવ. તેની સાથે મેં કેવાં કેવાં સપના જોયા હતા. બધાં સપનાં, બધા ખ્વાબ ધરાશાઈ કરી દીધા. હું જ મૂરખ હતી કે સદીઓથી સ્થાપિત સામાજિક બંધનો તોડીને નવાં મૂલ્યો સ્થાપવા માંગતી હતી.'

હું પુરુષની ધૂર્તતા સમજી ન શકી. જે સ્ત્રીના દેહને ભોગવે છે પણ સામાજિક જવાબદારીથી બચે છે. લઈ જાવ તમારા એવા નપુંસક પુત્રને, જાવ કોઈ બંધન વિના હું તેને આઝાદ કરું છું. હું જ પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવવા ચાલેલી, મને શું ખબર કે તું આટલો કાયર અને ડરપોક નીકળીશ. પણ યાદ રાખજે અંકિત સમય બહુ બળવાન હોય છે. તારો અંશ એક દિવસ તારું અભિમાન તોડશે. તે ભૂતકાળથી વર્તમાનમાં પાછી ફરી, તેનો અટકેલો હાથ ફરી તળાવમાં કાંકરા ફેંકવા લાગ્યો. પાણીમાં થતાં વમળોને એ જોઈ રહી.

# બદલાની ભાવના હોય ત્યાં પ્રેમ ન હોઈ શકે

## જેનાથી તમારે જુદા પડવાનું આવ્યું હોય તેને ભવિષ્યમાં જયારે પણ કોઇને કોઇ તબક્કે મળવાનો મોકો ઊભો થાય ત્યારે તમને એને મળવામાં શરમ, સંકોચ કે ખચકાટ ન થવો જોઇએ, પ્રેમની પૂર્વશરત જ એ છે કે એમાં ધિક્કાર, નફરત, દુશ્મનીને સ્થાન ન હોઇ શકે

બ્રિટિશ નોવેલિસ્ટ જોન રોલિંગ આમ તો જે.કે.રોલિંગ (જન્મ ૩૧ જુલાઈ, ૧૯૬૫) નામે વધુ જાણીતી લેખિકા છે. હેરી પોટર સિરિઝ લખ્યા પછી તેની લોકપ્રિયતા દુનિયાભરમાં પહોંચી. જે.કે. રોલિંગ કહે છે કે પ્રેમ એટલે દિવ્ય અને પવિત્ર લાગણી. પ્રેમ તમને બદલો લેવાનું શીખવતો નથી. પ્રેમમાં કોઈ બદલાની ભાવના હોતી નથી. જે લોકો બીજી વ્યક્તિ સાથે પ્રેમ હોવાનો દાવો કરતા હોય તે લોકો પોતાના પ્રિયજન નારાજ થાય ત્યારે બદલો લેવાનો વિચાર માત્ર પણ કરે તેના જેવી હીન ભાવના બીજી કશી નથી.

જે.કે. રોલિંગ સને ૧૯૯૨માં ૨૭ વર્ષની ઉંમરે જયોર્જ એરન્ટ્સ સાથે પ્રેમલગ્ન કર્યા. જો કે આ લગ્નસંબંધ ત્રણ વર્ષ સુધી જ ટકી શક્યો. સને ૧૯૯૫??? તેણે ડિવોર્સ લેવાં પડ્યાં. આ સંબંધથી તેને એક સંતાન થયું. તેના ઉછેરની જવાબદારી તેણે જ લીધી. છ વર્ષના એકાકી જીવન પછી તેણે પોતાની જિંદગીનો ખાલીપો ભરવા છેક ૩૬ વર્ષની ઉંમરે સને ૨૦૦૧માં નીલ મૂરે સાથે બીજી વાર લગ્ન કર્યા. બીજાં લગ્નથી તેને બે સંતાન થયાં. બે દીકરી અને એક દીકરાની મા જે.કે. રોલિંગે ફિક્શન, ટ્રેજીકોમિક અને સોસિયલ નોવેલ પણ લખી છે.

બદલાની ભાવના હોય ત્યાં પ્રેમ કદાપિ ન હોઈ શકે. જે.કે. રોલિંગ કહે છે કે તેણે કૌમાર્યવસ્થાથી

ગુલમહોર

- દિનેશ દેસાઈ

એકથી વધુ વખત પ્રેમની લાગણીનો અનુભવ કર્યો છે. તેણે ૨૭ વર્ષની ઉંમરે પોતાના પ્રેમી જયોર્જ એરન્ટ્સ સાથે પરણી જવાનો એક પરિપક્વ નિર્ણય કર્યો, ત્યારે તે ખુબ ખુશ હતી. પરંતુ તેનો આ નિર્ણય આગળ જતા ખોટો સાબિત થયો અને રોલિંગે બહુ જલદી જયોર્જથી છુટાછેડા લઈ લેવા પડ્યા. રોલિંગ તો એમ પણ કહે છે કે તમે જયારે કોઈથી છુટા પડો તેનો અર્થ એવો તો નથી જ કે જિંદગી સમાપ્ત થઈ ગઈ છે. કારણ કે નવી જિંદગી તમારી રાહ જોઈ રહી હોય છે.

જેનાથી તમારે જુદા પડવાનું આવ્યું હોય તેને ભવિષ્યમાં જયારે પણ કોઈને કોઈ તબક્કે મળવાનો મોકો ઉભો થાય ત્યારે તમને એને મળવામાં શરમ, સંકોચ કે ખચકાટ ન થવો જોઈએ. એક ગઝલનો સંવેદનશીલ શે ર છે કે દુશ્મની જમકર કરો, મગર યે ગુંજાઈશ રહે, કભી દોસ્ત બન જાઓ તો શરમિંદગી ન રહે. જયારે તમારે ફરી પાછા મળવાનું થાય ત્યારે મ્હોં છુપાવીને ઉભા રહેવાનો વારો ન આવે એ રીતે ખેલદિલીપૂર્વક સંબંધના તાણાંવાણાં ગુંથાય એ જરુરી છે.

પ્રેમની પૂર્વશરત જ એ છે કે એમાં ધિક્કાર, નફરત, દુશ્મનીને સ્થાન ન હોઈ શકે. કબીરે પણ લખ્યું છે કે 'પ્રેમગલી અતિ સાંકડી, જા કિં દુજો ન સમાય.' પ્રેમમાં બે વ્યક્તિ, બે જીવ એકરુપ બને છે. વ્યક્તિત્વનો અહમ્ ઓગળી જાય છે. દંભ અને આડંબરનો પરદો પણ પ્રેમમાં ઉતરી જાય છે. પ્રેમ આપણને ઘણું બધું શીખવે છે. પ્રેમ જીવન જીવતા પણ શીખવે છે. પ્રેમ આપણને નિત નવી નવી દિશાઓનો પરિચય પણ કરાવે છે. પ્રેમમાં પરસ્પર વિશ્વાસ અને શ્રદ્ધાનો સમન્વય પણ થઈ જતો હોય છે. પ્રેમ એટલે નિષ્ઠા. પ્રેમ એટલે ત્યાગ. પ્રેમ એટલે સમર્પણ.

સ્ટોપર:-

પ્રેમ જીવનનું ઝરણું છે, એને નિરંતર વહેવા દો. પ્રેમને કોઈ દિશા કે આકાર આપવાની તમે કોશિષ ન કરો. પ્રેમ ઝરણાની જેમ જ પોતાનો રસ્તો બનાવી લેશે અને દિશા તથા આકાર પણ.

- લિઝ હર્લી